# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ ગુજરાતી સપ્ટેમ્બર, ૨૦૨૦

સમયઃ ૧ કલાક કુલ ગુણઃ ૨૫

**(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. ભાવાત્મક પ્રતિભાવ આપે છે.

**પ્રશ્ન-૧ કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (૫)

**( ખુશ થઈ જવાય, ચિંતા થાય, ઉદાસ થવાય, ગભરાઈ જવાય, મજા આવી જાય! )**

(૧) ઉત્તરાયણનો તહેવાર આવે ત્યારે.........

(૨) મામાને ઘરે જવાનું બંધ રહે ત્યારે............

(૩) વર્ગમાં શિક્ષક તમને શાબાશી આપે ત્યારે...........

(૪) મમ્મી ખૂબ બીમાર થઈ જાય ત્યારે...........

(૫) ઘરમાં અચાનક સાપ આવી જાય ત્યારે ..........

અ.નિ. નામને બદલે સર્વનામનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ફકરો પૂર્ણ કરો.** (૫)

(તેને, તેમાં, તેની, તેણે, આપણે )

વિમલે એક ફૂદું પકડ્યું અને ...............કાચની ડબ્બીમાં બંધ કર્યું. વિમલે વિપુલને ડબ્બીમાં જોવા કહ્યું. વિપુલે ડર તાં ડર તાં...............જોયું, તેની અંદર પતંગિયા જેવડું ફૂદું દેખાતું હતું. ..............પાંખ પર ઝીણાં ઝીણાં ટપકાં હતાં. વિપુલની બીક જતી રહી. ............. વિમલને કહ્યું, “તારા કારણે મારી બીક જતી રહી.” હવે ............... પાક્કા દોસ્ત.’’

અ.નિ. પરિચિત શબ્દોણ શોધી શકે છે.

**પ્રશ્ન-3 આપેલા ચોકઠામાંથી પાંચ શબ્દો શોધીને લખો.** (૫)

| | | | |
|---|---|---|---|
| વ | ર | સા | દ |
| વા | ચો | પા | ણી |
| દ | મા | ન | આ |
| ળ | સું | દી | ભ |

અ.નિ. સ્થળ/સમયવાચક અવ્યપય જેવા કે વચ્ચે, ઉપર, નીચે, આગળ, પાછળ, અંદર, બહાર, પછી, અત્યારે, પહેલાંને ઓળખે છે અને તેમનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન-૪ નીચે કૌંસમાં આપેલા અક્ષરો/શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.**

(માંથી, પાછળ, માં, ઉપર, નીચે) (૫)

(૧) પંખા ..................ટેબલ છે.

(૨) દફ્તર ટેબલ ........મૂકેલ છે.

(૩) પતંગ આકાશ......ઉડે છે.

(૪) ડબ્બા.............. લાડવો લાવ.

(૫) સાપ ઉંદરની ........દોડ્યો.

અ.નિ. દૃશ્યાત્મક વિગતોને લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે.

**પ્રશ્ન-૫ પતંગિયા વિશે પાંચ વાક્યો લખો.** (૫)